Shri Mehsana Prant Jain Dasha Shrimali Gnyati Mandal - Shreemati Saraswatiben Ramanlal Shah Sanskrutik Bhavan, Nr. Godawari Dehrasar, Vasna, Ahmedabad-380007.

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ - અમદાવાદ (ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૩૦૩, તા.૨૩-૮-૭૮) સંચાલિત

પ્રશંસા કરનાર તમારી સ્થિતિ જોવે છે, ચિંતા કરનાર તમારી પરિસ્થિતિ જોવે છે!

# પરિવાર પત્રિકા

PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)

Year - 22 ● Issue No. - 253 ● 1st October 2024 Price Rs. 2/- ● Pages-20

જાગૃતિ ● માહિતી ● પ્રવૃત્તિ ● પ્રગતિ

**પરિવાર પત્રિકાના કાયમી મુખ્ય સૌજન્યદાતા**

સ્વ. શ્રી જશવંતલાલ ચીમનલાલ શાહ......(રણુંજ)
સ્વ. વર્ષાબેન દિલીપભાઈ શાહ.........(ભાલક)

**કાયમી સહાયક દાતા**

સ્વ. વિમળાબેન રસીકલાલ શાહ......(લણવા/પુના)

**પરિવાર પત્રિકા સંપાદન સમિતિ**

સંપાદક : પ્રમોદભાઈ એન. ગાંધી 93270 07054
સહ સંપાદક : બકુભાઈ સી. ગાંધી 98250 96444

ભાઈલાલભાઈ એન. ગાંધી..........(સમોડા) 99257 22324
મીહીરભાઈ એચ. શાહ..........(બોકરવાડા) 98982 58515
ભાવેશભાઈ એમ. શાહ.............(ભાલક) 94277 02080

**મેનેજીંગ ટ્રસ્ટી**

જશવંતલાલ પી. શાહ..........(ભાલક) 99747 16584

**પરિવાર પ્રકાશન કાયમી સૌજન્ય**

શ્રી સેવંતીલાલ છબીલદાસ શાહ પરિવાર.............(ભાલક)
સ્વ. શ્રી નટવરલાલ મણીલાલ શાહ................. (ભાલક)
સ્વ. જેઠાલાલ મોહનલાલ શાહ..................... (ખરોડ)
સ્વ. ચીનુભાઈ મણીલાલ શાહ................... (પિંઢારપુરા)
સ્વ. શ્રી બાબુલાલ અંબાલાલ શાહ................... (મોટપ)
સ્વ. શ્રી અમૃતલાલ ઠાકરશી શાહ................ (મોટી દેઉ)
સ્વ. શ્રી પુનમચંદ ઉત્તમચંદ શાહ................... (લણવા)
સ્વ. શ્રી બાબુલાલ કસળચંદ શાહ................ (વડાવલી)
શ્રીમતી પદ્માબેન રમણલાલ શાહ. ................... (મોટપ)
સ્વ. બિહારીભાઈ ચીમનલાલ મોદી................(મહેસાણા)
શ્રી નટવરલાલ તલકચંદ શાહ..................... (દેલોલી)
શ્રી ચંપકલાલ મંગળદાસ શાહ......................(મગુના)
શ્રીમતી પન્નાબેન અશ્વિનકુમાર ગાંધી.............. (સમોડા)
સ્વ. સુબોધચંદ્ર મણીલાલ શાહ...................... (મણુંદ)
સ્વ. કાન્તાબેન રસીકલાલ શાહ................. (વિસનગર)
સ્વ. કમળાબેન ચીમનલાલ શાહ......... (ઉનાવા/આંબેગામ)
સ્વ. લીલાવતીબેન સુમતીલાલ શાહ......... (સીનોલી/મણુંદ)
શ્રીમતી ચંદ્રિકાબેન નવીનચંદ્ર શાહ...............(લણવા)
શ્રી વિજયકુમાર કનુભાઈ શાહ................. (બોરીઆવી)
શ્રીમતી રંજનબેન મહેન્દ્રભાઈ શાહ..................(દેલોલી)
શ્રી નટવરલાલ મફતલાલ શાહ...................... (દેલોલી)
શ્રી ભોગીલાલ લીલાચંદ શાહ....................... (મોટપ)
સ્વ. ઈન્દીરાબેન શશીકાંત તિજોરીવાળા..... (લુણવા-મંડાલી)
સ્વ. ઉષાબેન નરેન્દ્રકુમાર હીંમતલાલ શાહ.......(બોકરવાડા)
શ્રીમતી વિમળાબેન નટવરલાલ શાહ...............(કમાણા)
સ્વ. વસુમતીબેન ઈશ્વરલાલ સોમચંદ શાહ.......... (ભાલક)
સ્વ. પુષ્પાબેન સુરેશચંદ્ર રસિકલાલ ગાંધી......(રણુંજ)
સ્વ. કંચનબેન હીંમતલાલ વાડીલાલ શાહ....(બોકરવાડા)
સ્વ. મહેન્દ્રકુમાર રતીલાલ શાહ (ચાવાળા)..........(સમોડા)

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

### શૈક્ષણિક પુરસ્કાર - તપસ્વીબહુમાન - સાધર્મિક ભક્તિ

તા.૨૨-૦૯-૨૦૨૪, રવિવાર ● જ્ઞાતિહોલ, વાસણા.

વ્હાલા જ્ઞાતિજનો,

અમદાવાદ જ્ઞાતિમંડળ દ્વારા સંચાલિત શૈક્ષણિક/ઉચ્ચ શૈક્ષણિક સમિતિના ઉપક્રમે વર્ષ ૨૦૨૩-૨૪ના ધોરણ-૧ થી ૧૨ અને ઉચ્ચ શિક્ષણ પામેલા તેજસ્વી વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓના ઈનામ વિતરણનો કાર્યક્રમ સવારે ૧૨-૩૦ થી ૨-૦૦ કલાક દરમ્યાન સંપન્ન થયો. કાર્યક્રમની શરૂઆતમાં મંચસ્થ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય, કર્ણપ્રિય સંગીતના સૂરો સાથે સુંદર પ્રાર્થના કરી અને ત્યારબાદ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું. કાર્યક્રમનું શૈક્ષણિક સમિતિના કન્વીનર શ્રી સંદીપભાઈ અને સભ્યોએ સુવ્યવસ્થિત આયોજન કરી સુંદર સંચાલન કરેલું જે ખરેખર ધન્યવાદને પાત્ર છે.

અમદાવાદ જ્ઞાતિ મંડળના ઉપક્રમે અને અમદાવાદ મહિલા મંડળના સંચાલન દ્વારા બપોરે ૨-૦૦ થી ૫-૦૦ કલાક દરમ્યાન સંગીતની સુમધુર સુરાવલિ સાથે અને "જૈનમ્ જયતિ શાસનમ્", "તપસ્વીનો જય જયકાર", "અનુમોદના...૩ વારંવાર" ના બુલંદ નારા સાથે સંપૂર્ણ ધાર્મિક માહોલમાં "તપસ્વી બહુમાન કાર્યક્રમ" જ્ઞાતિ મંડળના પ્લેટીનમ હોલમાં સફળતાપૂર્વક સંપન્ન થયો. કાર્યક્રમની શરૂઆતમાં મંચસ્ત મહાનુભાવો દ્વારા દિપપ્રાગટ્ય, કર્ણપ્રિય સંગીતના સુરો સાથે સુંદર પ્રાર્થના અને મહાનુભાવોનું પુષ્પથી સ્વાગત કરવામાં આવ્યું. આ પ્રસંગે તપસ્વીઓનું તેમના સ્વજનો, મહેમાનો અને જ્ઞાતિજનોની હાજરીમાં ખૂબ ભાવપૂર્વક સન્માન કરવામાં આવ્યું. મોટી સંખ્યામાં ભાગ્યશાળી જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા અને તપસ્વીઓના તપની અનુમોદના કરી હતી.

તપસ્વી બહુમાન પ્રસંગના સ્વામી-વાત્સલ્યના કાયમી દાતા શ્રીમતી સુભદ્રાબેન સુમતિલાલ કેશવલાલ સરૈયા પરિવાર (ઉનાવા)ની અમદાવાદ જ્ઞાતિમંડળ ભૂરિ-ભૂરિ અનુમોદના કરે છે.

આ કાર્યક્રમોનો સંપૂર્ણ અહેવાલ અને તેની ઝલક દર્શાવતી તસ્વીરો આ અંકમાં અન્યત્ર પ્રકાશિત કરેલ છે.

અમદાવાદ જ્ઞાતિ મંડળ દ્વારા દર મહિને પ્રકાશિત થતા "પરિવાર પત્રિકા" ભારતભરના જ્ઞાતિજનોને મોકલવાની યોજના અમલમાં છે. આ યોજનાનો લાભ ગત વર્ષે શ્રી અરવિંદભાઈ પુનમચંદ શાહ (મોટપ)એ લીધેલ. તેની મુદ્દત ડિસેમ્બર-૨૦૨૪ સુધીની છે. હવે જાન્યુઆરી-૨૦૨૫થી આ યોજના માટે સૌજન્યદાતા આવકાર્ય છે. આ બાબતની વિશેષ જાણકારી આગામી નવેમ્બર-૨૦૨૪ના અંકમાં આવશે.



**રાસ-ગરબાનો કાર્યક્રમ તા.૨૯-૦૯-૨૦૨૪ના બદલે અનિવાર્ય સંજોગોના લીધે તા.૨૦-૧૦-૨૦૨૪, રવિવારે નિયત સ્થળે અને સમયે રાખેલ છે.**

અગાઉના તા.૨૯-૦૯-૨૦૨૪ના પ્રવેશ પાસ આ કાર્યક્રમમાં માન્ય ગણાશે.

# પરિવાર પત્રિકા

**સૌજન્ય દાતા**
**(જાન્યુઆરી-૨૪ થી ડીસેમ્બર-૨૪)**



**સ્વ.જીગ્નેશભાઈ અરવિંદભાઈ શાહ**
(મોટપ-અમદાવાદ)
જન્મ તા.૦૫-૦૮-૧૯૭૫ - સ્વ.તા.૧૮-૦૩-૨૦૧૪
ની સ્મૃતિમાં

અરૂણાબેન શાહ – રૂપલબેન શાહ
નીશીબેન – દીયાબેન
સંજયકુમાર – મોનાબેન
જૈની – આગમ

**અરવિંદભાઈ પૂનમચંદ શાહ**
(મોટપ–અમદાવાદ)
પરિવાર તરફથી અમદાવાદ બહારના ભારતમાં વસતા તમામ જ્ઞાતિજનોને "પરિવાર પત્રિકા" મોકલવામાં આવશે.

## મંડળની વિવિધ પ્રવૃત્તિઓ

- કેળવણી સહાય/ઉચ્ચ શિક્ષણ સહાય
- સાધર્મિક સહાય
- મેડિકલ સહાય
- મહિલા તત્કાલ સહાય
- શુભ લગ્ન આયોજન
- પરિવાર પત્રિકા
- તપસ્વી બહુમાન
- સમ્યગ્ જ્ઞાન પ્રસાર નિધિ
- મહિલા મંડળ

## પરિવાર શુભેચ્છક

સ્વ. સુભદ્રાબેન સેવંતીલાલ શાહ ....(બોકરવાડા)
શ્રી બંકિમકુમાર કાંતિલાલ શાહ ..........(ઊંઢાઈ)
શ્રી જયંતિલાલ અંબાલાલ શાહ ...........(ઊંઢાઈ)
કંચનબેન ચીનુભાઈ તીજોરીવાળા (લુણવા-મંડાલી)
મધુબેન મહેન્દ્રકુમાર ડાહ્યાલાલ શાહ.....(મગુના)
સ્વ. શ્રી અંબાલાલ બુલાખીદાસ શાહ......(મણુંદ)
સ્વ. સવિતાબેન અંબાલાલ શાહ...........(મણુંદ)
સ્વ. શારદાબેન નરોત્તમદાસ શાહ.........(મણુંદ)
સ્વ. નીતાબેન પ્રમોદભાઈ શાહ...........(ખરોડ)

અમદાવાદના જે જ્ઞાતિજનો મંડળમાં વાર્ષિક સભ્ય બનેલા તેઓ હવે આજીવન સભ્ય બની જાય તેવી વિનંતી. જેમના કુટુંબમાં ૧૮ વર્ષથી વધુ વયના યુવાનોએ હજુ અમદાવાદ જ્ઞાતિમંડળનું સભ્યપદ ન મેળવ્યું હોય તેમણે મંડળની ઓફિસે પધારી આજીવન સભ્યપદ મેળવી લેવા વિનંતી છે.

સાધર્મિક સહાય ક્ષેત્રે આર્થિક જરૂરીયાતવાળા કુટુંબોને અપાતી ખાદ્યસામગ્રી સાથે રોકડ રકમ આપવા માટે શ્રીમતી રીનાબેન સંજયકુમાર શાહ (પીંઢારપુરા)ના વર્ષિતપની આરાધના નિમિત્તે શ્રી સંજયકુમાર ભાઈલાલભાઈ શાહ પરિવાર તરફથી અનુમોદના રૂપે રૂા.૫૪૦૦/– જ્ઞાતિ મંડળને આપવામાં આવેલ છે. જ્ઞાતિ મંડળ આ પરિવારને શુભેચ્છા પાઠવે છે.

મેડીકલ સહાય યોજના અંતર્ગત અમદાવાદ મંડળ દ્વારા હોમિયોપેથીક સેન્ટર ચલાવાય છે. ડૉ.શ્વેતાબેન આર. શાહ દ્વારા જરૂરી તપાસ કરી દવા તથા સારવાર નિ:શુલ્ક આપવામાં આવે છે. દર મહિનાના ઓલ્ટરનેટીવ બે ગુરુવારે અપાતી આ સેવાનો લાભ લેવા વિનંતી. તેનો વોટ્સએપ મેસેજ પણ મોકલવામાં આવે છે.

ભાવેશભાઈ એમ. શાહ–માનદ્મંત્રી • રમેશભાઈ સી. શાહ–સહમંત્રી

## ૧૦૮ પાર્શ્વનાથમાં વિશિષ્ટ સ્થાન ધરાવતું તીર્થ ગાંભુ



નૂતન ધર્મશાળા અને ભોજન શાળા

ગાંભુ તીર્થે સંપ્રતિકાલીન મૂળનાયક શ્રી ગંભીરા પાર્શ્વનાથની અદ્ભૂત પ્રતિમાજી બિરાજમાન છે. તેમજ પહેલામાળે શ્રી ભીડભંજન પાર્શ્વનાથજીની પ્રતિમા બિરાજમાન છે. શ્રી ગંભીરાજી પાર્શ્વનાથ પ્રભુના ચમત્કારોની અનેક વાતો લોકમુખે પ્રચલિત છે. ભૂતકાળમાં પ્રભુજીની હથેળીમાં દરરોજ ચાંદીનો સિક્કો મળતો હતો. અત્યારે પણ અવાર–નવાર સુવાસ, ઘંટનાદ, અમીછાંટણા જેવા પ્રસંગો બને છે.

આવા અદ્ભૂત તીર્થે હજારો યાત્રાળુઓ આવતા જતા હોય છે. તેને ધ્યાનમાં રાખીને 'નેમ હેમ પરિવાર' એ પ.પૂ.આ.શ્રી નવરત્નસાગર સૂરી મ.સા. અને પ.પૂ.આ.શ્રી હેમવલ્લભસૂરી મ.સા.ની પ્રેરણાથી અત્યંત આધુનિક અને સગવડો યુક્ત નૂતન ધર્મશાળા અને ભોજનશાળા બનાવવાનો અમૂલ્ય લાભ લીધો છે. અને પૂણ્યાનુબંધી પૂણ્ય ઉપાર્જન કરેલ છે. આ નવા બિલ્ડીંગનું તા.૨૦–૧૦–૨૦૨૪, આસો વદ–૩ને રવિવારે જૈન શાસન રત્ન શ્રી કુમારપાળભાઈ વી. શાહ અને દાતાશ્રીઓના વરદ્હસ્તે અનાવરણ કરી શ્રી સંઘને અર્પણ કરવામાં આવશે..... ધન્ય છે આ દાતા પરિવારને....

"જૈનમ્ જયતિ શાસનમ્"



**રસિકલાલ ચીમનલાલ શાહ**
(લણવા-અમદાવાદ)
જન્મ તા.૨૪-૧૨-૧૯૩૦ • સ્વ. તા.૨૬-૦૨-૨૦૨૧

શ્રદ્ધા હોય પછી સાબિતીની શું જરૂર...
વાત જ્યારે બે લીટીમાં પતે
ત્યાં ફકરાની શું જરૂર...

ચીમનલાલ પુનમચંદ શાહ
સરોજ મુકેશ શાહ • મુકેશ જે. શાહ
જીગર • હિમાંદ્રી • મૌલિક • આનલ
રીયા-કહાન-વિહા
(બાલક)

# Congratulations

**સિનેમા જગતમાં ના અજાણ એવા અથાગ ઊંડા સાગરમાં**

**સાહસિક સફરના શ્રી ગણેશ માટે**

**નિર્માતા શ્રી જગત બકુભાઈ ગાંધી (JAHN Studio)**

**ને અભિનંદન અને અઢળક શુભેચ્છાઓ.**




પ્રથમ ગુજરાતી સિનેમા પ્રસ્તુતિ
**22.11.2024**

First OTT
Releasing Soon

And Many More to Come....




ART WORK DESIGN
NAINESH SHAH

સેવા
સહકાર
સંકલન
સંગઠન

# સંપાદકિય

જેના દિલમાં કોઈનું સારું કરવાનો
ભાવ હોય છે ને,
ઈશ્વર
એના જીવનમાં કોઈ વસ્તુનો
અભાવ નથી રહેવા દેતો...

✦✦✦✦✦✦✦✦✦✦

સમયે સમજણ આવે તો
ઠીક બાકી છેલ્લે
સમય તો સમજાવશે જ...

✦✦✦✦✦✦✦✦✦✦

ભૂલ એનાથી જ થાય છે જે
સારું કરવા ઈચ્છે છે
બાકી કંઈ નહી કરવાવાળા તો
ભૂલો જ શોધ્યા કરતા હોય છે.

✦✦✦✦✦✦✦✦✦✦

સહુનો સાથ રાખવો...
પણ સાથમાં સ્વાર્થના રાખવો...

✦✦✦✦✦✦✦✦✦✦

માણસ પાસે સુખી થવાના
ઘણા રસ્તા છે પણ..
બીજા કરતા વધારે સુખી
થવાનો કોઇ રસ્તો નથી..!

✦✦✦✦✦✦✦✦✦✦

આનંદ ત્યાં નથી જ્યાં ધન મળે.
આનંદ ત્યાં છે જ્યાં મન મળે.

✦✦✦✦✦✦✦✦✦✦

કિંમત અને મૂલ્ય વચ્ચે શું ફર્ક.
કિંમત ચૂકવવી પડે,
મૂલ્ય કમાવવું પડે..

✦✦✦✦✦✦✦✦✦✦

સંબંધો ત્યારે નબળા પડે
જ્યારે પામવા નીકળેલા
બંન્ને એકબીજાને માપવા લાગે...!!

✦✦✦✦✦✦✦✦✦✦

ખરેખર જીભ નું **PUC** હોવું જોઈએ
કારણકે
સૌથી વધુ પ્રદુષણ તે ફેલાવે છે.

ગુચવાઈ જાય એ નહીં પણ,
ગૂંથાઈ જાય એ જ સંબંધ.

✦✦✦✦✦✦✦✦✦✦

સબંધ સાચવવા અઘરા નથી હોતા
પરંતુ
સબંધ ની સાથે જોડાયેલા
અલગ અલગ વિચારો ને
સાચવવા અઘરા છે.

✦✦✦✦✦✦✦✦✦✦

પચવામાં સૌથી ભારે વસ્તુમાં
પૈસા
આજે પણ
પહેલાં નંબર પર આવે છે.

✦✦✦✦✦✦✦✦✦✦

જીંદગીની સૌથી અદ્‌ભૂત ક્ષણો
પકડી શકાતી નથી
ફક્ત માણી શકાય છે.

✦✦✦✦✦✦✦✦✦✦

જેનામાં આત્મવિશ્વાસ ન હોય
એનામાં
બીજી વસ્તુઓ તરફ
વિશ્વાસ કઈ રીતે ઉત્પન્ન થઇ શકે.

✦✦✦✦✦✦✦✦✦✦

કોણ કેટલું જીવે છે
એ મહત્વનું નથી,
કોણ કેવું જીવે છે
એ અગત્યનું છે.

✦✦✦✦✦✦✦✦✦✦

શિક્ષણ એ
વિશ્વની સમસ્યાઓનું
નિરાકરણ શોધવા માટે
એક મહત્વપૂર્ણ સાધન છે.

✦✦✦✦✦✦✦✦✦✦

ઈર્ષા, લોભ, ક્રોધ અને કઠોર વચન
આ ચાર વસ્તુથી
હંમેશા દૂર રહેવું તેનું નામ ધર્મ.

વધારે પડતા
કાર્યનો બોજો નહિ,
પરંતુ
અનિયમિતતા જ
માણસને મારી નાખે છે.

✦✦✦✦✦✦✦✦✦✦

જોખમ તો દરેક કામમાં છે,
પરંતુ કશું નહિ કરવામાં
સૌથી મોટું જોખમ છે.

✦✦✦✦✦✦✦✦✦✦

જો આપને પ્રસન્ન હોઈએ તો
આખી પ્રકૃતિ આપણી સાથે
હસતી હોય તેવું લાગે છે.

✦✦✦✦✦✦✦✦✦✦

કોઈ એક ઉંચા આસન પર બેસવાથી
કઈ ગૌરવ વધતું નથી,
ગૌરવ ગુણોને કારણે આવે છે,
કાગડો રાજમહેલના
શિખર પર બેઠો હોય તો તે
ગરૂડ કહેવાય નહિ.

✦✦✦✦✦✦✦✦✦✦

સાચું બોલવાનો
એક ફાયદો એ છે કે
પછી આપણે શું બોલેલા
તે યાદ રાખવું પડતું નથી.

✦✦✦✦✦✦✦✦✦✦

બધી કલાઓમાં
જીવન જીવવાની કલા શ્રેષ્ઠ છે,
સારી રીતે જીવી જાણે
તે જ સાચો કલાકાર.

✦✦✦✦✦✦✦✦✦✦

પુસ્તકનું મુલ્ય
રત્ન કરતાય અધિક છે,
રત્ન બહારની ચમક બતાવે છે.
જયારે પુસ્તક
અંતઃકરણને ઉજ્જવળ કરે છે.

પ્રમોદ એન. ગાંધી-સંપાદક ● બકુભાઈ સી. ગાંધી-સહસંપાદક

ખરોડ ગામનું ગૌરવ

# અભિનંદન સહ શુભેચ્છા




નીતાબેન પ્રમોદભાઈ શાહ ના પૌત્ર
અને
પૂનમબેન ધવલભાઈ શાહ ના સુપુત્ર

## ચિ. નિહાર ધવલભાઈ શાહ

ધો.૧૦માં (CBSC Board) ૯૨.૬% માર્કસ મેળવી
આપણી જ્ઞાતિમાં ધો.-૧૦ માં
ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ આવેલ છે.
તે બદલ અભિનંદન પાઠવતા અમો
ગૌરવ અનુભવીએ છીએ.

## ચિ. નિહાર

અભ્યાસ ક્ષેત્રે વધુ આગળ વધે
અને ઉચ્ચ કારકિર્દી બનાવી સમાજને
સહયોગી બની કુટુંબનું
નામ ઉજ્વળ કરે તેવી શુભેચ્છા.

લિ.

## પ્રમોદભાઈ દલસુખભાઈ શાહ પરિવાર

| | |
|---|---|
| ધવલ પ્રમોદભાઈ શાહ | શ્વેતા નિરવકુમાર શાહ |
| પૂનમ ધવલ શાહ | નિરવકુમાર ગુણવંતલાલ શાહ |
| શાલ્વી ધવલ શાહ | આયુષ નિરવકુમાર શાહ |
| | (કમાણા-હાલ:વડોદરા) |

ફર્મ : એક્યુરેટ ફાસ્ટનર
સ્ટેનલેસ સ્ટીલ અને હાઈટેન્શીલ
ફાસ્ટનર પ્રોડક્ટસના સ્પેશ્યાલીસ્ટ
ધવલ શાહ : ૯૪૨૬૯૪૮૦૭૫

ACCURATE FASTNERS

પ્રમોદ ટ્રેડીંગ કંપની
ટેક્ષટાઈલ આઈટમોના સ્પેશ્યાલીસ્ટ
પ્રમોદ શાહ : ૯૮૨૫૨૮૮૯૧૩

રહેઠાણ : ૬૦૨, સમૃધ્ધિ, કચ્છીભવન સામે, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

## સાધર્મિક સહાય ક્ષેત્રે... દાન-ફંડ-ભેટ

રૂા.૨૧૦૦૦/-



સ્વ. વિમળાબેન રમણલાલ શાહ ખેરાળુ

શ્રીમતી વિમળાબેન રમણલાલ શાહ, ખેરાળુ (સ્વ.તા.૧૯-૧૦-૨૦૨૨)ની સ્મૃતિમાં સદ્ગતના આત્મશ્રેયાર્થે રૂા.૨૧૦૦૦/- તેમની પુત્રીઓ કલ્પના(બેલા) રમણલાલ શાહ (રીટાયર્ડ-BSNL) અને ડો.નેહા પરાગ શેઠ (કાર્ડીયોલોજીસ્ટ, મેનેજીંગ ડિરેક્ટર - આઈકોન ૧૦૧૦ હોસ્પિટલ, અમદાવાદ) તરફથી સાધર્મિક સહાયક્ષેત્રે મળ્યા છે. સદ્ગત વિમળાબેન ધાર્મિકતા અને સદ્ભાવનાના પ્રેરણામૂર્તિ હતા. કપરા સંજોગોમાં પણ સમભાવ રાખી પરિવારને શ્રેષ્ઠ સંસ્કારો અને એજ્યુકેશન આપતા રહ્યા હતા. જ્ઞાતિમંડળ આ દાન સ્વિકારીને આ પરિવારની ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

રૂા.૫૦૦૦/-



અ.સૌ.પૂજાબેન પ્રતિકભાઈ શાહ U.S.A.(NJ)

અ.સૌ. પૂજાબેન પ્રતિકભાઈ શાહ U.S.A.(NJ) ની અઠ્ઠાઈતપની આરાધનાના અનુમોદનાર્થે રૂા.૫૦૦૦/- જ્ઞાતિમંડળને સાધર્મિક સહાય ક્ષેત્રે આપવામાં આવ્યા છે હસ્તે : હર્ષાબેન ભરતભાઈ શાહ, પૂરવભાઈ ભરતભાઈ શાહ (ગાંભુ). આ તપસ્વીએ અગાઉ ૧૬ ઉપવાસ, બે વખત અઠ્ઠાઈ તપ વિગેરે આરાધનાઓ કરી છે. તપસ્વીના તપની ખૂબ ખૂબ અનુમોદના કરતાં જ્ઞાતિ મંડળ આનંદ અનુભવે છે.

## અનુમોદના ક્ષેત્રે...દાન-ફંડ-ભેટ

રૂા.૫૪૦૦/-



શ્રીમતી રીનાબેન સંજયકુમાર શાહ (પીંઢારપુરા-હાલ અમદાવાદ)

શ્રીમતી રીનાબેન સંજયકુમાર શાહ (પીંઢારપુરા)અમદાવાદની વર્ષીતપની આરાધના નિમિત્તે શ્રી સંજયકુમાર ભાઈલાલભાઈ શાહ પરિવારે સાધર્મિક પરિવારોને અપાતી ખાદ્ય સામગ્રી સાથે આપવા માટેની રોકડ રકમ ક્ષેત્રે રૂા.૫૪૦૦/- (રૂપિયા પાંચ હજાર ચારસો) અનુમોદના રૂપે જ્ઞાતિ મંડળને આપેલ છે. જ્ઞાતિ મંડળ તપસ્વી અને પરિવારજનોનો આભાર માની શુભેચ્છાઓ પાઠવે છે.

## બદલાયેલા સરનામા

**આજીવન સભ્ય**

**હિત રવિભાઈ શાહ................................(બોરીયાવી)**
એ-૫૦૩, હીમગંગા એપાર્ટમેન્ટ, સુભાષચોક, મેમનગર, ગુરુકુળ, અમદાવાદ-૩૮૦ ૦૫૨.

**રાજેશભાઈ ચીનુભાઈ શાહ.............................(મોટપ)**
સી/૨૩, સંજય ટાવર, શ્યામલ ક્રોસ રોડ, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

**અમદાવાદ**

**વિશાલ મહેન્દ્રકુમાર શાહ..........................(પીંઢારપુરા)**
સી-૩૦૪, તિર્થ કેસીટાસ, પી એન્ડ ટી કોલોની પાછળ, વાસણા પોલીસ ચોકી સામે, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.
મો.: ૯૪૨૮૯ ૯૭૯૮૦

**નયનકુમાર ચીમનલાલ શાહ...........................(મણુંદ)**
જે-૮૦૩, સારાંશ અર્થ, જી. બી. શાહ કોલેજ રોડ, ન્યૂ.વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭. મો.: ૯૮૨૫૪ ૧૧૦૪૩

**મુંબઈ**

**અલ્પેશભાઈ રોહીતકુમાર શાહ.........................(મણુંદ)**
એ-૮૦૨, ભાટીયા બિલ્ડીંગ-૨, રામબાગ લેન, એસ. વી. રોડ, હિમાલયા હાઈસ્કુલ પાસે, બોરીવલી (વેસ્ટ), મુંબઈ.



## ખુશામત - પ્રશંસા - કદર......વિશે

"એવું કહેવાય છે કે ખુશામત તો ખુદાને પણ પ્યારી હોય છે." જો ખુદા-પરમાત્મા ખુશામતથી રીઝાતા હોય તો માનવીની શું વિસાત? માનવી તો ખુશામત (Flattery) થી ખુશ થઈ જ જાય અને ખુશામતખોરનું કામ થઈ જાય. પરંતુ આ વાક્ય પ્રચલિત કરનાર ખુશામતની ખૂબ તરફેણ કરતા હોય તેવું મને લાગે છે. પરમાત્માના ગુણગાન ગાવા તે હરગીજ ખુશામત ન કહી શકાય. આ મળેલા માનવભવમાં જો પરમાત્માના પ્રચંડ પુરુષાર્થ અને અગણિત સદ્ગુણોનું ભક્તિગાન ન કરીએ તો નગુણા ગણાઈએ. પરમાત્માએ આપણા પ્રત્યે કરેલી અનહદ કૃપા બદલ આપણે તેમના ઋણી છીએ અને કૃતજ્ઞતા અદા કરવી એ આપણું પરમ કર્તવ્ય છે. તે ખુશામત નથી. "પ્રભુ, તેં મને જે આપ્યું છે તેનો બદલો હું શેં વાળું? બસ, તારી ભક્તિ કરી કરીને મારા મનડાને વારું...."

પ્રશંસા અને ખુશામત આ બંનેમાં ઘણો ફરક-તફાવત છે. પ્રશંસા માણસના કામની થાય, જ્યારે ખુશામત કામના માણસની થતી હોય છે. રાજકારણમાં, સરકારી, વાણિજ્ય, શૈક્ષણિક, સામાજિક, ધાર્મિક આવી બધી સંસ્થાઓમાં કેટલાક લોકો પોતાનો સ્વાર્થ સાધવા ખુશામત કરીને જ આગળ આવતા હોય છે અને પદ પ્રાપ્ત કરતા હોય છે. માટે ઉચ્ચ સ્થાન ઉપર બિરાજમાન વ્યક્તિએ વિચક્ષણતા વાપરીને "Beware of Flatterers" ખુશામતખોરોથી સાવધાન... સૂત્ર ધ્યાનમાં રાખવા જેવું ખરું. પેલી વાર્તામાં ફૂલણજી કાગડાના મુખમાં રહેલી પુરી, લુચ્ચુ શિયાળ ખોટાં વખાણ કરીને જ લઈ ગયેલું ને! આવા ખુશામતખોર, પેલા આરબના ઊંટની જેમ - પેટમાં પેસીને પગ પહોળા કરે તેવા હોય છે. દુનિયા છે ભાઈ! એકબીજાનાં ખોટાં વખાણ કરનારા પણ હોય છે તેનો કટાક્ષ કવિએ આ રીતે કર્યો છે.

उष्ट्राणां च विवाहेषु गीतं गायन्ति गर्दभाः।
परस्परं प्रशंसन्ति अहो रुपम् अहो ध्वनिः ॥

ઊંટના વિવાહ પ્રસંગે ગધેડો, ઊંટના રૂપના વખાણ કરતાં ગીતો ગાતો હતો. તે જ રીતે ઊંટ પણ ગધેડાના મધુર અવાજે ગવાતાં ગીતનાં વખાણ કરતો હતો. બંને પરસ્પર વખાણ કરતા હતા!

ધર્મક્ષેત્રમાં અને અન્ય સંસ્થાઓમાં પણ ઉચ્ચપદ ઉપર બિરાજમાન કેટલાક તો પોતાના અનુયાયીઓ દ્વારા ભરપુર વખાણ કરાવતાં લખાણ ફોટા વાળાં બોર્ડ મુકાવે છે. સમારંભ કરી બહુમાન કરાવે છે. આવી આત્મપ્રશંસાથી બચવું-અલિપ્ત રહેવું અતિ કઠિન છે.

દેશમાં, સમાજમાં, જ્ઞાતિમાં સારું પ્રશંસનીય કામ કરનારની પ્રશંસા-કદર કરવી જ જોઈએ. પરંતુ તે પ્રશંસા નિર્ભેળ, સ્વાર્થ રહિત હોવી જોઈએ. તેવી પ્રશંસા કોઈ લાભ મેળવવા માટે ન જ થવી જોઈએ. ઉમદા કાર્ય કરનારની કદર ન થાય તો તેવી વ્યક્તિને કે અન્યને પછી ઘસાઈને ઉજળા થવાની પ્રેરણા-પ્રોત્સાહન ન મળે. સાથે સાથે જેની પ્રશંસા થાય તે વ્યક્તિએ ફૂલાઈ જવું ન જોઈએ નહિતર સમય જતાં તેનામાં અહંકારનો અવગુણ પેદા થાય કે મારા જેવું બીજું કોઈ છે જ નહિ.

એનાથી વિપરીત કેટલાક ઉદારદિલ મહાનુભાવો એવા હોય છે કે તેમના સેવાકાર્યની કદર રૂપે મળેલી મોટી ધનરાશિ પણ તરત જ કોઈ સેવાસંસ્થામાં લોકહિતાર્થે અર્પણ કરતા હોય છે. આવા વિરલાઓને વંદન કરવા ઘટે.

ખરેખર તો કોઈ પણ ક્ષેત્રમાં નિષ્ઠાપૂર્વક પ્રશંસનીય સત્કાર્ય, સેવા કાર્ય કરનારની કદર (appreciation) કરવી અત્યંત આવશ્યક છે. જે સમાજ આવા ઉમદા કાર્ય કરનારની કદર કરી શકતો નથી તે સમાજ પછાત રહી જાય છે. જેમ ધર્મક્ષેત્રમાં તપ કરનાર કે મોટું દાન આપનારની ભૂરિ ભૂરિ અનુમોદના કરવાની એક સારી પ્રથા છે તેવી રીતે દરેક સંસ્થામાં, સમાજમાં સેવા આપનારની કદર કરવી જ જોઈએ.

- રમેશભાઈ સી. શાહ (કમાણા)

## શૈક્ષણિક પુરસ્કાર (ઈનામ વિતરણ) સમારોહ ૨૦૨૩-૨૦૨૪નો અહેવાલ

આપણી જ્ઞાતિ-સમાજના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ અભ્યાસમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે, કારકીર્દિ ઘડતરમાં તેજસ્વી બને અને ત્યારબાદ સમાજ માટે યથાશક્તિ યોગદાન પણ આપે તેવું પ્રોત્સાહન મળે તે હેતુથી અમદાવાદ જ્ઞાતિમંડળ, શૈક્ષણિક સમિતિના ઉપક્રમે દર વર્ષે શૈક્ષણિક પુરસ્કાર સમારોહ યોજે છે.

તે મુજબ તા.૨૨-૦૯-૨૦૨૪, રવિવારે સવારે ૧૧-૩૦થી જ્ઞાતિમંડળના હોલમાં, આ વર્ષ ૨૦૨૩-૨૪ના ઈનામ વિતરણ કાર્યક્રમનું અત્યંત વ્યવસ્થિત, સુઆયોજન કરવામાં આવેલું. આ સમારોહમાં ૧૩૦ જ્ઞાતિજનો હાજર રહ્યા. નવકારમંત્રની ધૂન સાથે કાર્યક્રમની શુભ શરૂઆતમાં મંચસ્થ મહાનુભાવો દ્વારા દીપ-પ્રાગટ્ય, કર્ણપ્રિય સંગીતની સુરાવલિ સાથે સુંદર પ્રાર્થના અને પછી મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું.

અમદાવાદ જ્ઞાતિમંડળના મેને.ટ્રસ્ટી શ્રી જશવંતભાઈ શાહે સૌને આવકાર્યા અને શૈક્ષણિક ક્ષેત્રના કાયમી દાતાઓનો પરિચય કરાવ્યો. મંડળની સ્થાપનાથી વર્તમાન સુધીનો મંડળનો ઈતિહાસ કહીને મંડળે વિવિધક્ષેત્રોમાં કરેલી પ્રગતિનો ખ્યાલ આપ્યો. મંડળના પ્રમુખશ્રી બકુભાઈ ગાંધીએ પ્રાસંગિક પ્રવચનમાં વિદ્યાર્થીઓને મોબાઈલના દુરુપયોગથી દૂર રહી, ઉજ્જવળ કારકીર્દિ બનાવી સમાજ માટે યોગદાન કરવાની પ્રેરણા આપી.

ત્યારબાદ ઈનામ-વિતરણ કાર્યક્રમ શરૂ થયો. તે પહેલાં તેજસ્વી તારલાઓના 'Super Mom & Dad' નું તાળીઓના ગડગડાટથી અભિવાદન કરવામાં આવ્યું. ધોરણ-૧ થી ૧૦,૧૧,૧૨, કોલેજ તથા અન્ય ફેકલ્ટીઝના ૪૪ તેજસ્વી વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને સ્ટેજ ઉપર બોલાવીને તેમને સુંદર, ઉપયોગી ગીફટ આપવામાં આવી તેમજ યશ્વી મનીષભાઈ ગાંધી (રણુંજ) જેમણે M.C.A. ની ડીગ્રી મેળવી છે હાલ કેનેડામાં ઉચ્ચ અભ્યાસ કરી રહ્યા છે. તેમજ દેવાંશી ઉન્મેશભાઈ શાહ (ઉનાવા) તેઓ એ Engineering with MBA in Markeing આ વર્ષે પૂર્ણ કરેલ છે. તેમનું શાબ્દિક સન્માન કરવામાં આવ્યું તે દીકરીઓ ખૂબ પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવી હતી. અને દરેકને સભાજનોએ તાલીઓથી વધાવીને સૌ વિદ્યાર્થીઓનું અભિવાદન કર્યું.

ત્યારબાદ શ્રી વિજયભાઈ તેમજ શ્રી વિભાકરભાઈએ શિક્ષણનું મહત્વ સમજાવ્યું. પુસ્તકિય જ્ઞાન ડીગ્રી ઉપરાંત કંઈક - Special Skill - કૌશલ્ય કેળવવાની સલાહ આપી. મહિલા મંડળના સલાહકાર શ્રી ઉર્મિલાબેને પ્રાસંગિક પ્રવચન આપ્યું.

આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શૈક્ષણિક સમિતિના કન્વીનર શ્રી સંદીપભાઈ (બોકરવાડા) એ કર્યું. જેમાં સૌએ સંપૂર્ણ સાથ-સહકાર આપ્યો, જેમાં સહ કન્વીનર શ્રી ઉન્મેષભાઈ, શ્રી રમેશભાઈ, શ્રી ભરતભાઈ, શ્રી કિરણભાઈના સુંદર ટીમ-વર્કથી પ્રસન્ન થઈ સૌએ પ્રસંશા કરી.

આ કાર્યક્રમની શરૂઆત પૂર્વે તેજસ્વી વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓ તેમજ તેમના Parents તેમજ આમંત્રિત સભ્યો એ બપોરના ભોજનનો લાભ લીધો હતો... કાર્યક્રમના અંતે કન્વીનર શ્રી સંદીપભાઈએ ઉપસ્થિત સર્વ જ્ઞાતિજનોનો ખૂબ ખૂબ આભાર માનીને કાર્યક્રમ સંપન્ન થયાની જાહેરાત કરી.

## શૈક્ષણિક પુરસ્કાર (ઈનામ વિતરણ) સમારોહ ૨૦૨૩-૨૦૨૪નો અહેવાલની ઝલક દર્શાવતી તસ્વીરો








## શૈક્ષણિક પુરસ્કાર (ઈનામ વિતરણ) સમારોહ ૨૦૨૩-૨૦૨૪નો અહેવાલની ઝલક દર્શાવતી તસ્વીરો




















## શૈક્ષણિક પુરસ્કાર (ઈનામ વિતરણ) સમારોહ ૨૦૨૩-૨૦૨૪નો અહેવાલની ઝલક દર્શાવતી તસ્વીરો






















KINGS ABODE
@KINGS VILLA

# Villa
Inspired by
**Modern Architecture**

**Gift your loved one A dream villa @ Kings Abode**

**LAND SIZE : Aprox 700 - 1700 SQ. YD.**
**CONSTRUCTION : Aprox 200 SQ. YD.**







**FULLY FURNISHED VILLA (PROJECT BY KINGSVILLA)**
**(ENJOY THE EXOTIC LIVING, DERASAR & KINGS CLUB IN VICINITY)**




## OTHER AMENITIES

CLUB | DERASAR | WATER PARK | ATV BIKE| RESTAURANT | BANQUET
RAIN DANCE FLOOR | GAMING ZONE & MANY MORE...

**LAND SIZE : Aprox 700 - 1700 SQ. YD.    CONSTRUCTION : Aprox 200 SQ. YD.**

OTHER ATTRACTIVE PROJECTS

**KINGS CASTLE / KINGS AURA / KINGS LEGACY / KINGS GLORY**

(SCAN FOR VIDEO)

REDEFINE YOUR STAYS IN LUSH GREENERY.
BOOK YOUR DREAM VILLA @ KINGS ABODE

(SCAN FOR LOCATION)

**76000 71203 / 07, 99242 22538**

WEBSITE : (WWW.KINGSVILLA.IN)

***KINGSVILLA, OPP. BAVLA WATER TANK.***
***NEAR ADRODA VILLAGE (7 KM FROM BAVLA)***

# શ્રી મહેસાણા પ્રાંત જૈન દશાશ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ, અમદાવાદ

## તપસ્વી બહુમાન કાર્યક્રમનો અહેવાલ

"ધર્મ કરતા કર્મ ચઢિયાતો છે."
કારણ ધર્મ કરીને ભગવાન પાસે માંગવુ પડે છે.
જ્યારે કર્મ કરો એટલે ભગવાનને આપવું જ પડે છે.

### સર્વ જ્ઞાતિ ભાઈ-બહેનોને અંતઃકરણ પૂર્વક "મિચ્છામિ દુક્કડમ્"

તા.૨૨-૦૯-૨૦૨૪, રવિવારે જ્ઞાતિ હોલ ખાતે યોજાયેલ તપસ્વી બહુમાનના સ્વાગત પ્રમુખ શ્રીમતી દેવાંશીબેન ભરતભાઈ શાહ (ઉનાવા) જેઓનું રૂા.૨૧,૦૦૦/- નું અમૂલ્ય દાન તથા અતિથી વિશેષ શ્રીમતી સુશિલાબેન બીપીનભાઈ શાહ (ભાલક) જેઓનું રૂા.૧૫,૦૦૦/-નું અમુલ્ય દાન આપેલ છે.

પ્રમુખશ્રી પ્રવિણાબેન બી. ગાંધી એ બન્ને માનનીય મહેમાનોને આવકારી તેમનું અભિવાદન કર્યું. બહુમાનમાં પધારેલ દરેક તપસ્વીઓ તથા અનુમોદના કરવા પધારેલ સર્વ જ્ઞાતિ ભાઈ-બહેનોનો આભાર વ્યક્ત કર્યો.

મુખ્ય મહેમાનનો પરિચય મંત્રીશ્રી દેવલબેન કે. શાહે આપ્યો. અતિથિ વિશેષનો પરિચય સહ મંત્રીશ્રી સોનલબેન એસ. શાહે આપ્યો.

બહુમાનના કાર્યક્રમને દિપાવવા આદિનાથ ગ્રુપની બહેનો આવી હતી. તેમણે સરસ ગીતો અને નાટકની રજુઆત કરી હતી.

કાર્યક્રમની શરૂઆત 'નવકાર મંત્ર'થી કરવામાં આવી હતી. સાથે તપસ્વીઓની અનુમોદનાર્થે તપસ્યાના ગીતો રજુ કર્યા.

બન્ને મહેમાનો મહિલા મંડળના હોદ્દેદારો અને ભરતભાઈની હાજરીમાં મંગલદીપ પ્રગટાવવામાં આવ્યો.

મુખ્ય મહેમાન દેવાંશીબેન ભરતભાઈ શાહનું બહુમાન ઉર્મિલાબેન એચ. શાહે તિલક કરી શ્રીફળ આપીને કર્યું. પ્રવિણાબેન બી. ગાંધીએ સાડી આપીને બહુમાન કર્યું.

તપસ્વી બહુમાનના સ્વામિવાત્સલ્યના દાતાશ્રી સુમતીકાકાના ભાઈશ્રી પ્રવિણભાઈ કેશવલાલ શાહ (ઉનાવા) પધાર્યા હતા. તેમનું બહુમાન તિલક કરી ટ્રસ્ટી શ્રી જશવંતભાઈ શાહે સાલ ઓઢાડીને પ્રમુખશ્રી બકુભાઈ ગાંધી તથા ઉપ પ્રમુખશ્રી ભાઈલાલભાઈ ગાંધી એ માળા પહેરાવી કર્યું હતું. એમની દિકરી શ્રી હીનાબેનનું બહુમાન શ્રી પ્રવિણાબેન ગાંધી અને ઉપપ્રમુખશ્રી દિપીકાબેને કર્યું હતું.

અતિથી વિશેષ શ્રી સુશિલાબેન બી. શાહને તિલક કરી ઉપપ્રમુખ શ્રી દિપીકાબેન એચ. શાહને સાડી આપી મંત્રીશ્રી દેવલબેન કે. શાહે બહુમાન કર્યું.

આદિનાથ મંડળે અવનવા ધાર્મિક સ્તવનો અને ગીતોની રજુઆત કરી નૃત્ય નાટીકા કરી. જ્ઞાતિજનો આ ધર્મમય માહોલમાં તરબોળ થઈ ગયા હતા.

તપસ્વી બહુમાનમાં ક્રમશઃ મોટા તપથી લઈના નાના તપના બધા તપસ્વીઓનું મહિલામંડળના હોદ્દેદારો, મોટા મંડળના હોદ્દેદારો અને બન્ને મહેમાનો દ્વારા તિલક, શ્રીફળ અને કવર આપીને બહુમાન કરવામાં આવ્યું.

સમગ્ર હોલમાં એક અનોખો ધાર્મિક માહોલ સંપન્ન થયો. આ બહુમાન કાર્યક્રમમાં ચાર્વિ ધવલભાઈ શાહ (ઉનાવા) જે માત્ર સાત જ વર્ષના તપસ્વી છે. એમણે અઢ્ઢાઈ તપ કરી હતી અને સીધ્ધી તપ અને માસક્ષમણ જેવી ઉગ્ર તપસ્યા કરેલ તપસ્વીઓ હતા. જ્ઞાતિજનો આ બધા જ તપસ્વીઓની ખૂબ ખૂબ અનુમોદના કરે છે. બહુમાનનો કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ૫-૩૦ કલાકે સ્વરૂચી ભોજનની શરૂઆત કરવામાં આવી. જૈન આચાર સંહિતા મુજબ સાંજે સ્વરૂચી ભોજનની કાર્યવાહી પુર્ણ કરવામાં આવી. મોટા મંડળની અથાગ મહેનતથી કાર્યક્રમ ખૂબ સફળ રહ્યો. મહિલામંડળ તેમનો ખૂબ ખૂબ આભાર માને છે.

કાર્યક્રમના અંતમાં મંત્રીશ્રી દેવલબેન કે. શાહ અને સહમંત્રી શ્રી સોનલબેન એસ. શાહે ઉપસ્થિત મહેમાનો, તપસ્યાના બહુમાનમાં મોકળા મને દાન આપના દાતાશ્રીઓ તેમજ સ્વરૂચી ભોજનના મુખ્ય સૌજન્ય દાતાશ્રી સુમતિલાલ કેશવલાલ શાહ પરિવાર (ઉનાવા) તપસ્વીઓના ઉત્સાહને વધુ વેગવંતો બનાવવા પધારેલ સર્વ જ્ઞાતિજનો તથા મહિલા મંડળની કારોબારી, મોટા મંડળના કારોબારી સભ્યો તથા ટ્રસ્ટીગણનો અંતઃકરણ પૂર્વક આભાર માન્યો હતો.

દેવલબેન કે. શાહ-મંત્રી • સોનલબેન એસ. શાહ-સહમંત્રી

## તપસ્વી બહુમાનના પ્રભાવનાના દાતાશ્રીઓ

| | | |
|---|---|---|
| ૧૧,૦૦૦/- | અલકાબેન રાજેશભાઈ શાહ | (બોકરવાડા) |
| ૫,૦૦૦/- | રમેશભાઈ ચીમનલાલ ગાંધી | (મોઢેરા) |
| ૫,૦૦૦/- | પ્રમોદભાઈ ઉત્તમલાલ શાહ | (ભાલક) |
| ૫,૦૦૦/- | ભાનુબેન બિપીનભાઈ ગાંધી | (રણુંજ) |
| ૫,૦૦૦/- | ભાનુબેન નીતીનભાઈ શાહ | (રણુંજ) |
| ૩,૦૦૦/- | રચનાબેન નિરવભાઈ શાહ | (ભાલક) |
| ૩,૦૦૦/- | જોલીબેન કિરણભાઈ શાહ | (ભાલક) |
| ૨,૫૦૦/- | કૈલાશબેન પ્રમોદભાઈ ગાંધી | (રણુંજ) |
| ૨,૦૦૦/- | ઉર્મિલાબેન પ્રવિણભાઈ ગાંધી | (સમોડા) |
| ૨,૦૦૦/- | કોકીલાબેન કુમારપાળ ગાંધી | (મોઢેરા) |
| ૧,૫૦૦/- | સરલાબેન હસમુખભાઈ શાહ | (બોકરવાડા) |
| ૧,૧૦૦/- | ચંદ્રાબેન વ્રજલાલભાઈ શાહ | (ભાલક) |
| ૧,૧૦૦/- | દેવલબેન કિરણભાઈ શાહ | (તરભ) |
| ૧,૧૦૦/- | જયાબેન ભાઈલાલભાઈ ગાંધી | (સમોડા) |
| ૧,૧૦૦/- | બેલાબેન વિજયભાઈ શાહ | (બોરીયાવી) |
| ૧,૧૦૦/- | રમાબેન હિંમતલાલ શાહ | (બોકરવાડા) |
| ૧,૧૦૦/- | ચેતનાબેન ભરતભાઈ શાહ | (બોરીયાવી) |
| ૧,૧૦૦/- | જીતેશભાઈ લહેરચંદ શાહ | (બોરીયાવી) |
| ૧,૧૦૦/- | પ્રિતીબેન ભાવેશભાઈ શાહ | (ભાલક) |
| ૧,૧૦૦/- | જીમીબેન કાર્તિકભાઈ શાહ | (ભાંડુ) |
| ૧,૦૦૦/- | પ્રવીણાબેન બકુભાઈ ગાંધી | (સમોડા) |
| ૧,૦૦૦/- | પલ્લવીબેન અજીતકુમાર શાહ | (કરલી) |
| ૧,૦૦૦/- | શારદાબેન ચંપકલાલ શાહ | (દેલોલી) |
| ૧,૦૦૦/- | મીનાબેન કનુભાઈ શાહ | (મગુના) |
| ૧,૦૦૦/- | સુષ્માબેન અશોકભાઈ શાહ | (સમોડા) |
| ૧,૦૦૦/- | પુષ્પાબેન નવિનચંદ્ર શાહ | (પિંઢારપુરા) |
| ૧,૦૦૦/- | દશરથલાલ રમણલાલ શાહ | (પિંઢારપુરા) |
| ૫૦૦/- | કહાન માલવભાઈ શાહ | (ગાંભુ) |
| ૫૦૦/- | પિંકીબેન સંદિપભાઈ શાહ | (ઉનાવા) |
| ૫૦૦/- | કોકિલાબેન પ્રવિણભાઈ શાહ | (લાછડી) |
| ૫૦૦/- | આશાબેન રમેશભાઈ શાહ | (કમાણા) |
| ૫૦૦/- | રીટાબેન જયેન્દ્રભાઈ શાહ | (બોકરવાડા) |
| ૫૦૦/- | સુશીલાબેન નવિનચંદ્ર શાહ | (લાછડી) |
| ૫૦૦/- | લીલાવતીબેન શાંતીલાલ શાહ | (લુણવા-મંડાલી) |
| ૫૦૦/- | રેણુકાબેન નરેશભાઈ શાહ | (વિસનગર) |
| ૫૦૦/- | ચાર્વીબેન ધવલભાઈ શાહ | (ઉનાવા) |
| ૫૦૦/- | મુકેશભાઈ રસીકલાલ શાહ | (પિંઢારપુરા) |
| ૫૦૦/- | ભરતભાઈ કાંતીલાલ શાહ | (ભાલક) |
| ૫૦૦/- | કિંજલ વિશાલભાઈ શાહ | (મણુંદ) |
| ૫૦૦/- | પંકજભાઈ બાબુલાલ શાહ | (રણુંજ) |
| ૫૦૦/- | આશાબેન ભરતભાઈ શાહ | (બોકરવાડા) |
| ૫૦૦/- | વિદ્યાબેન રાજેન્દ્રભાઈ શાહ | (ઉનાવા) |
| ૫૦૦/- | ગુણવંતીબેન જશવંતભાઈ શાહ | (ભાલક) |
| ૨૫૦/- | જયાબેન પ્રદિપભાઈ શાહ | (મણુંદ) |
| ૨૦૦/- | દેવાંગકુમાર દિલીપભાઈ શાહ | (વડાવલી) |
| ૨૦૦/- | મુકેશભાઈ પોપટલાલ શાહ | (તરભ) |
| ૨૦૦/- | મંજુલાબેન શંકરલાલ શાહ | (ગાંભુ) |

રૂા.૩૧૦૦૦/- તપસ્વી બહુમાનના શ્રીફળના કાયમી દાતા તરીકે
**શ્રીમતી શાંતાબેન નાનચંદભાઈ શાહ (ચાણસ્મા)**
હસ્તે : શ્રીમતી છાયાબેન ભાવિકભાઈ શાહ (પીંઢારપુરા)

**જ્ઞાતિ મંડળ આ દાતાશ્રીઓની ભૂરી ભૂરી અનુમોદના કરે છે.**

# તા.૨૨-૦૯-૨૦૨૪ના રોજ તપસ્વી બહુમાનની તસ્વીરની ઝલક

































## તા.૨૨-૦૯-૨૦૨૪ના રોજ તપસ્વી બહુમાનની તસ્વીરની ઝલક




















## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશાશ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ, અમદાવાદ

### આ વર્ષના તપસ્વીઓ - ૨૦૨૪

### સિધ્ધી તપ :-

આશીષભાઈ વિનોદચંદ્ર શાહ (મોટપ)
ભવ્યા ગૌરાંગભાઈ શાહ (બોકરવાડા)
નિહાલ ચિરાગભાઈ શાહ (ઉનાવા)
મુકેશભાઈ સુમતીલાલ શાહ (ઉનાવા)
કાવ્ય આશીષભાઈ શાહ (મોટપ)
વિધાબેન રાજેન્દ્રભાઈ શાહ (ઉનાવા)

### માસક્ષમણ :-

જીમી કાર્તિકભાઈ શાહ (ભાંડુ)
ચિત્તલ રીતેશભાઈ શાહ (ઉનાવા)
દેવેન્દ્રભાઈ જયંતીલાલ ગાંધી (રણુંજ)
માનુષ દિપકકુમાર શાહ (ઉનાવા)
હીનાબેન અમીતકુમાર શાહ (તરભ)
બિન્દાબેન મલ્લિક શાહ (ઉનાવા)
પીનલબેન કૌશલભાઈ શાહ (દેલોલી)
કલ્પનાબેન મહેન્દ્રભાઈ શાહ (ઉનાવા)

### ૧૬ ઉપવાસ

કિંજલ વિશાલભાઈ શાહ (મણુંદ)
મુગ્ધા આશીષભાઈ શાહ (ગાંભુ)
નમ્ય જૈમીનભાઈ શાહ (પીંઢારપુરા)
ખુશ અલ્પેશભાઈ શાહ (બોકરવાડા)
દેવ રાજેશકુમાર ગાંધી (સમોડા)
હીયા વિશાલભાઈ શાહ (દેલોલી)
હેત્વી હાર્દિકભાઈ શાહ (બોકરવાડા)

### ૧૧ ઉપવાસ

વિદિત હાર્દિકભાઈ શાહ (લણવા)
ભૂમી તેજસભાઈ શાહ (દેલોલી)
ઝીલ પક્ષાલભાઈ શાહ (મણુંદ)
પાર્શ્વ અભયકુમાર શાહ (ઉનાવા)

### ૯ ઉપવાસ

દિપીકાબેન હર્ષદભાઈ શાહ (ગાંભુ)

### અઠ્ઠાઈ તપ

આશીષભાઈ ભરતભાઈ શાહ (કહોડા)
ધ્વની આશીષભાઈ શાહ (કહોડા)
વિહાન જૈમીનભાઈ શાહ (મોઢેરા)
ઋષભ પ્રણેશભાઈ શાહ (દાસજ)
દેવાંગભાઈ દિલીપભાઈ શાહ (વડાવલી)
ફોરમ પ્રજ્ઞેશભાઈ શાહ (દાસજ)
અમીતભાઈ જશવંતભાઈ શાહ (ભાલક)
કેલીના ભૌમિકભાઈ શાહ (ભાલક)
જીમીકા ભૌમિકભાઈ શાહ (ભાલક)
ભૌમિકભાઈ કિર્તિભાઈ શાહ (ભાલક)
દિયાના વિનિતભાઈ શાહ (દેણપ)
પ્રમોદભાઈ નવનીતલાલ ગાંધી (રણુંજ)
ઓમ મનીષભાઈ ગાંધી (રણુંજ)
દ્રષ્ટિબેન અક્ષયભાઈ શાહ (ઉનાવા)
નીશી પ્રશાંતભાઈ શાહ (ઉનાવા)
ખુશી સૌરીનભાઈ શાહ (ઉનાવા)
નિશિતભાઈ કમલેશભાઈ ગાંધી (રણુંજ)
વીર કલ્પેશભાઈ શાહ (ગાંભુ)
જીયા મૌલિકભાઈ શાહ (લુણવા-મંડાલી)
મનીષભાઈ નવીનચંદ્ર શાહ (લાછડી)
સુહાની સાગરભાઈ શાહ (દેણપ)
વૃશાંગ હિતેષભાઈ શાહ (ભાલક)
કેતુલ પંકજભાઈ શાહ (મણુંદ)
મુકેશભાઈ રસીકલાલ શાહ (પીંઢારપુરા)
દેવાંશ નિશિતભાઈ શાહ (ઉનાવા)
બ્રીશા ચીરાગભાઈ શાહ (ઉનાવા)
ચાર્મી ધવલભાઈ શાહ (ઉનાવા)
રોહન પંકજભાઈ ગાંધી (રણુંજ)
વલયભાઈ જયેશકુમાર શાહ (વિસનગર)
દિયા સમીરભાઈ શાહ (ભાલક)
ઉર્મિલ ભરતકુમાર શાહ (ગાંભુ)

### ખીર સમુદ્ર

ફાલ્ગુની અલ્પેશભાઈ ગાંધી (સમોડા)
રાજ મયુરભાઈ ગાંધી (રણુંજ)
દિશા કેતનકુમાર શાહ (કાલરી)
માહી ભાવેશભાઈ શાહ (ગાંભુ)
ઉર્વી સંજયભાઈ શાહ (મોટપ)

### વર્ષીતપ

જોલીબેન કિરણભાઈ શાહ (ભાલક)
રીનાબેન સંજયભાઈ શાહ (પીંઢારપુરા)
દેવાંશીબેન ભરતભાઈ શાહ (ઉનાવા)
ભરતભાઈ છોટાલાલ શાહ (ઉનાવા)
દશરથભાઈ રમણલાલ શાહ (પિંઢારપુરા)
પ્રવિણાબેન દશરથભાઈ શાહ (પિંઢારપુરા)
નીલાબેન મહેશભાઈ શાહ (પિંઢારપુરા)
દિલિપભાઈ રમણલાલ શાહ (ઉનાવા)

### ઉપધાન

ચિત્તલ રીતેશભાઈ શાહ (ઉનાવા)
દિપ સંજયભાઈ શાહ (દાસજ)
અવનીબેન રાજેશકુમાર શાહ(ઉનાવા)
સુધાબેન રાજેશભાઈ શાહ (દેણપ)
ઈન્દુબેન રતીલાલ શાહ (ઉનાવા)
કેતકીબેન ધવલકુમાર શાહ (ભાલક)
સ્તવન ધવલકુમાર શાહ (ભાલક)
ખુશ્બુબેન ચિરાગભાઈ શાહ (ભાલક)
મધુબેન સુરેશભાઈ શાહ (ઉનાવા)
મહેન્દ્રકુમાર રમણલાલ શાહ (ઉનાવા)
પક્ષાલી અજયભાઈ શાહ (બલોલ)
સ્વાતીબેન અલ્પેશભાઈ શાહ (મણુંદ)

### ચોસઠ પ્રહરી પૌષધ

મીનાબેન રાજેન્દ્રભાઈ શાહ (મોટપ)
સદ્ગુણાબેન હસમુખલાલ શાહ (વડાવલી)
પ્રવિણાબેન રમેશભાઈ શાહ (મોટપ)
કેતુલ પંકજભાઈ શાહ (મણુંદ)
દર્શનાબેન દિલીપભાઈ શાહ (મોટપ)
રીટાબેન કેતનકુમાર શાહ (કાલરી)
સુશીલાબેન નવીનચંદ્ર શાહ (કાલરી)
શારદાબેન ચંપકલાલ શાહ (દેલોલી)
પાર્શ્વ અભયકુમાર શાહ(ઉનાવા)

---

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશાશ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

### પરિવાર પત્રિકા વિતરણ સંદર્ભે

છેલ્લા ૩૨ વર્ષ થી અમદાવાદ મંડળ દ્વારા પ્રકાશિત પરિવાર પત્રિકા ના માધ્યમ થી સમાજનાં સારા-નરસા સર્વે સમાચાર આપ સભ્ય શ્રી સુધી પોસ્ટ દ્વારા પહોચાડવામાં આવે છે.

૪૭ સમાજનાં સૌ સભ્યોમાંથી જે સભ્યો ના સરનામાની વિગત અમદાવાદ મંડળ પાસે ઉપલબ્ધ છે, તે સૌ સભ્યો ને પરિવાર પત્રિકા નિયમિત રીતે પોસ્ટ દ્વારા પહોચાડવામાં આવે છે. આમ છતાં કેટલીક વાર કેટલાક સભ્યો ની ફરિયાદ છે કે તેઓને પરિવાર પત્રિકા સમયસર અથવા તો બિલકુલ જ મળતી નથી, આ સંદર્ભે અમદાવાદ મંડળ તરફથી પણ વારંવાર પોસ્ટ ડિપાર્ટમેંટમાં ફરિયાદ કરવા છતાં કોઈ નિષ્કર્ષ આવતો નથી. આ સંદર્ભે એક અન્ય વિકલ્પ રૂપે જે સભ્યો ઇચ્છા ધરાવતા હોય તે સૌને મંડળ તરફ થી Digital Copy ઇ-મેઇલ દ્વારા મોકલાવી શકાશે. આ માટે આપે ફક્ત આપના Email id સાથેનો એક વિનંતી પત્ર મંડળને મોકલવાનો રહે છે. આપ આપનો વિનંતી પત્ર મંડળના ઇ-મેઇલ id Email id - 'mehsana_jainprant@yahoo.com' પર પણ મોકલાવી શકો છો.

### ભારત બહાર રહેતા સૌ જ્ઞાતિજનને પરિવાર પત્રિકા મોકલવા બાબત

હાલના તબક્કે મંડળ દ્વારા ભારત બહાર રહેતા જે જ્ઞાતિ સભ્યો નું ઇ-મેઇલ Email id ઉપલબ્ધ છે તે સૌને પરિવાર પત્રિકા Digital Copy ઇ-મેઇલ દ્વારા મોકલવામાં આવે છે. પરંતુ મંડળ પાસે જે ઇ-મેઇલ માહિતી છે તે ૧૦ થી ૧૨ વર્ષ પહેલાની છે અને તે મુજબ ૧૦૦ થી ૧૧૦ સભ્યો ને પરિવાર પત્રિકા E-Copy દ્વારા મોકલવામાં આવે છે. અમારી જાણ મુજબ છેલ્લા ૧૦ વર્ષ ની અંદર અન્ય ઘણા બધા સભ્યો પણ વિદેશમાં સ્થાયી થયા હશે અને જો તેમના કુટુંબીજનો ની ઇચ્છા હોય તો તેઓને પણ પરિવાર પત્રિકા મળી શકે તે વ્યવસ્થા કરી શકાય.

આ માટે આપે આપના કુટુંબીનું Email id મંડળના Email id - 'mehsana_jainprant@yahoo.com' પર મોકલવાનું રહેશે.

આ અંગે વધુ માહિતી માટે આપ શ્રી વિભાકરભાઈ નો (૯૮૨૫૦ ૬૭૫૧૫) સંપર્ક કરી શકો છો.

પ્રમોદભાઈ એન. ગાંધી-સંપાદક
બકુભાઈ સી. ગાંધી-સહસંપાદક

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશાશ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ, અમદાવાદ

રાસ-ગરબાના અલ્પાહારના દાતાશ્રી

રૂા.૪૧,૦૦૦/-



**શ્રીમતી સોનલબેન દિલીપભાઈ શાહ**
**(ખરોડ-હાલ:મુંબઈ)**
**ડી. આર. ક્લાસીસ વાળા પરિવાર**

"મા આદ્યશક્તિના ગરબા એટલે જેમાં નારીના ભાવ તથા ભાવનાનું સ્વની ભૂમિકાથી સર્વની ભૂમિકાએ પહોંચતું સંવેદન હોય, એનું શબ્દલય ભાવલયને સંગીતની છટા અને છાકને અંકિત કરે એવું કાવ્યમય નિરુપણ હોય તથા તાળી અને ઠેક સાથે ગરબે ઘૂમવાનો પૂરતો અવકાશ હોય એવું ગીત તે 'મા' નો ગરબો."

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદના મહિલા મંડળ દ્વારા દર વર્ષે રાસ-ગરબાનું વિશેષ આયોજન કરવામાં આવે છે. આ વર્ષે ૨૯ સપ્ટેમ્બર-૨૦૨૪ના રોજ આયોજીત રાસ-ગરબાના અવસરે અલ્પાહારના દાતા તરીકે ખરોડ નિવાસી સોનલબેન દિલીપભાઈ શાહ પરિવારે રૂા.૪૧,૦૦૦/-નું દાન અર્પણ કરેલ છે.

સ્વ.દિલીપભાઈ હસમુખા સ્વભાવના, વડીલો પ્રત્યે સમર્પિત આદરભાવ ધરાવતા હતા. સોનલબેન તથા દિલીપભાઈ છેલ્લા ઘણા વર્ષોથી નિકટના સગા-સ્નેહીઓ સાથે દર વર્ષે રમણિય સ્થળોએ હરવા-ફરવા સાથે ધાર્મિક સ્થળોએ ખૂબ જ આત્મિયભાવ સાથે સ્વખર્ચે પ્રેમભાવથી લઈ જઈ આનંદ કરાવતા હતા. વ્યવસાયે વિશેષ રસ લઈ ડી. આર. શાહ ક્લાસીસના નામના નેજા નીચે ઉમદા શિક્ષણ આપતા હતા. મોરના ઈંડાને ચિતરવા ન પડે તેમ તેમના ધર્મચારીણી શ્રીમતી સોનલબેને સાધર્મિક બાંધવોને આપવા માટે તેમના ફાર્મ હાઉસમાંથી ૬૦૦ કિલો ઘંઉ મોકલીને એક ઉમદા નારીત્વ શક્તિનું પ્રમાણ આપેલ છે. તેમની બંને દિકરીઓ નિશાબેન ચિંતનકુમાર ઉપાધ્યાય તેમજ પૂજાબેન ધવલકુમાર શાહ પણ એમના માતૃશ્રીની જોડે સમાજ સેવા ખાતે સતત કાર્યશીલ રહે છે.

મુંબઈ બેઠા બેઠા પણ સમાજના સાધર્મિક બંધુઓ તરફની લાગણીને અને સમાજ પ્રત્યેની ભાવનાને બિરદાવતા જ્ઞાતિ મંડળ એમનો હૃદય પૂર્વક આભાર માને છે.

અમદાવાદ મહિલા મંડળમાં ગરબાના અલ્પાહારના દાતા તરીકે પદ શોભાવવા બદલ અમદાવાદ મહિલા મંડળ એમની ભૂરી ભૂરી અનુમોદના કરે છે અને આવા સત્કાર્યો કરતા રહે એવી ભાવના વ્યક્ત કરે છે.

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશાશ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ, અમદાવાદ

રાસ-ગરબાના મુખ્ય દાતાશ્રી

રૂા.૨૧,૦૦૦/-



**શ્રીમતી ભાવનાબેન ભદ્રેશકુમાર શાહ**
**(બોરીયાવી-હાલ:મહેસાણા)**

ગરબો એ ગુજરાતની કલ્ચરલ આઇડેન્ટિટી છે. એની સાથે આપણા ઉલ્લાસનું અનુસંધાન જોડાયેલું છે. નવરાત્રિના પાવન અવસરમાં જગદંબાની ભક્તિ કરીને આ ગરબામાં નિહાળવાનો લ્હાવો ધરાવનાર શ્રીમતી ભાવનાબેન ભદ્રેશભાઈ શાહે આપણી જ્ઞાતિના મહિલા મંડળને રૂા.૨૧,૦૦૦/-નું દાન અર્પણ કરેલ છે. તેઓશ્રી ભદ્રેશકુમાર સુરેન્દ્રકુમાર શાહના ધર્મચારિણી છે. શ્રી ભદ્રેશભાઈ મહેસાણા જ્ઞાતિ મંડળમાં ૨૭ વર્ષથી પ્રમુખ તરીકેની સેવાઓ આપી રહ્યા છે. તેઓ એક વર્ષથી મહેસાણા માર્કેટ યાર્ડમાં બીન હરિફ પ્રમુખ પદે પણ ચુંટાઈ આવેલ છે અને તેઓ એમની ઉમદા સેવાઓ પૂરી પાડે છે. એમનો અનાજ-કઠોળ તથા તેલીબીયાનો કમીશન એજન્ટનો વ્યવસાય મહેસાણા માર્કેટયાર્ડમાં પૂરી લગનથી કરતા આવ્યા છે.

ભાવનાબેનના પિતાશ્રી ચતુરભાઈ ઉગરચંદ શાહ મુકામ કડી-હાલ: સાયન્સ સીટી, અમદાવાદ ખાતે રહે છે. તેમને બે ભાઈ તથા ત્રણ બહેનો છે. જે સુખી સંપન્ન અને બહોળો પરિવાર ધરાવે છે.

શ્રીમતી ભાવનાબેને છેલ્લા ૨૦ વર્ષથી એક અલગ અંબાજી માતાના મંદિરની સ્થાપના કરેલ છે અને દર વર્ષે નવરાત્રિમાં જગતજનની આદ્યશક્તિ અંબાજી માતાની પૂજા-સેવા ભાવપૂર્વક કરે છે. તેમજ તેમના પુત્ર શ્રી ભાવિનભાઈ બી. શાહ તથા પુત્રવધુ દિપાલીબેન બી. શાહ પણ નવરાત્રિમાં માતા-પિતા સાથે અંબાજી માતાની આરાધના કરે છે.

ભાવીનભાઈની દિકરી દેવર્સી પણ જેવું નામ તેવા ગુણ ધરાવે છે તથા આ પરિવારની દિકરીઓ મોનિકાબેન કૃણાલભાઈ શાહ તેમજ જલ્પાબેન ભદ્રેશભાઈ શાહ પણ નવરાત્રિ દરમ્યાન એમની સોસાયટીમાં પણ ભક્તિ-ભાવ પૂર્વક આરાધના કરે છે. ડશ્રી ભદ્રેશભાઈ તથા ભાવનાબેન છેલ્લા ૨૮ વર્ષથી નવરાત્રિ દરમ્યાન સેવા આપી રહ્યા છે.

શ્રી ભદ્રેશભાઈ શાહે એક દિકરો દત્તક લીધો છે. તેઓશ્રીએ ભણાવવાથી માંડીને તમામ ખર્ચ ઉઠાવીને એક ઉમદા ભામાશા તરીકેનું નામ પુરવાર કર્યું છે.

શ્રીમતી ભાવનાબેન ભદ્રેશભાઈ શાહની સમાજ પ્રત્યેની ભાવનાને બિરદાવતા જ્ઞાતિમંડળ તેઓશ્રીના પરિવારની ભૂરી-ભૂરી અનુમોદના કરે છે અને આવા સત્કાર્યો કરતા રહે તેવી ભાવના વ્યક્ત કરે છે.

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશાશ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ, અમદાવાદ

રાસ-ગરબાના સ્વાગત પ્રમુખના દાતાશ્રી

રૂા.૧૧,૦૦૦/-



**શ્રીમતી જ્યોત્સનાબેન અનિલભાઈ શાહ**
**(લણવા)**

"દરેક સ્ત્રીઓની ઈજ્જત કરો, એટલા માટે નહી કે તે સ્ત્રી છે. પણ એ સાબિત કરવા માટે કરો કે તમારો ઉછેર એક સારી 'મા' એ કર્યો છે."

આવા જ આપણી જ જ્ઞાતિના શ્રીમતી જ્યોત્સનાબેન અનિલભાઈ શાહે રૂા.૧૧,૦૦૦/- નું દાન સ્વાગત પ્રમુખ બનીને અર્પણ કરેલ છે. જેઓ શારદાબેન ભાઈલાલભાઈ કાળીદાસ શાહ (લણવા)ના પુત્રવધુ છે. અનિલભાઈ તથા તેમના પાંચ ભાઈ-બહેનોનો ઉછેર એમના કાકાશ્રી શાંતીલાલ કાળીદાસ શાહ તથા તેમના ધર્મપત્ની શ્રીમતી સુશીલાબેન શાંતીલાલ શાહે એકલા હાથે કરેલ છે. ખૂબ જ પરિશ્રમથી પાંચે ભાઈ-બહેનોને ભણાવ્યા બાદ આ પરિવાર જે કાંઈ પણ આ સ્ટેજ પર છે એ એમના કાકા-કાકીના આશિર્વાદથી જ સુખી સમ્પન્ન છે. જ્યોત્સનાબેનના દિકરી શ્રીમતી શ્વેતાબેન મૌલિકભાઈ શાહ આયુષ ગ્લેમર ઝોન, સ્કિન કેર અને હેર કેર પ્રોડક્ટનું મેન્યુફેક્ચરીંગ કરે છે. બધી જ બ્યુટી પ્રોડક્ટનું ૭૦૦ થી ૧૦૦૦નું ઓલ ઈન્ડિયામાં વેચાણ અને બીજી કંપનીઓમાં સપ્લાય કરી રહ્યા છે. શ્વેતાબેન જરૂરિયાતમંદ સ્ત્રીઓની પણ આ વ્યવસાયમાં મદદ કરી રહ્યા છે. શ્વેતાબેનના પતિશ્રી મૌલિકભાઈ રાજેન્દ્રભાઈ શાહ આયુષ આર્ટ એન્ડ બુલીયનના મેનેજીંગ ડાયરેક્ટર છે અને એકલીંગજી બ્રોકીંગ કંપનીના ચેરમેન છે. શ્વેતાબેનનો સુપુત્ર આયુષ મૌલિકભાઈ શાહ પંચગીરીમાં અભ્યાસ કરે છે. જ્યોત્સનાબેનના સુપુત્ર પ્રિયંકભાઈ કુરીયર કંપનીમાં મેનેજરની પોસ્ટ ધરાવે છે તથા પ્રિયંકભાઈના પત્ની શ્રીમતી રીતુબેન વ્યવસાયે એડવોકેટ છે અને એમાં તે ખૂબ જ આગળ છે. અનીલભાઈ તથા જ્યોત્સનાબેનના સારા સંસ્કારોથી જ તેમજ એમના અથાગ પરિશ્રમથી આજે એમના બાળકો ખૂબ જ સુખી-સંપન્ન છે.

અમદાવાદ મહિલા મંડળમાં સ્વાગત પ્રમુખનું પદ શોભાવવા બદલ અમદાવાદ મહિલા મંડળ એમની ભૂરી ભૂરી અનુમોદના કરે છે અને આવા સત્કાર્યો કરતા રહે એવી ભાવના વ્યક્ત કરે છે.

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશાશ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ, અમદાવાદ



### રાસ-ગરબાના સહાયક દાતાશ્રીઓ



૫૧૦૦/- નીતાબેન પ્રમોદભાઈ શાહ (ખરોડ)
૫૦૦૦/- ઉર્મિલાબેન હસમુખભાઈ શાહ (ઉનાવા)
૫૦૦૦/- પ્રવિણાબેન બકુભાઈ ગાંધી (સમોડા)
૫૦૦૦/- નીલાબેન લાલચંદભાઈ ગાંધી (મોઢેરા)
૫૦૦૦/- પન્નાબેન રાજેષભાઈ શાહ (ભાલક)
૫૦૦૦/- મોનાબેન કેતનભાઈ ગાંધી (રણુંજ)
૫૦૦૦/- જયશ્રીબેન પ્રદિપભાઈ શાહ (ઉનાવા)
૫૦૦૦/- શિલ્પાબેન મયુરભાઈ શાહ (રણુંજ)
૫૦૦૦/- ચેતનાબેન ભરતભાઈ શાહ (બોરીયાવી)
૫૦૦૦/- જીજ્ઞાબેન જીતેશભાઈ શાહ (બોરીયાવી)
૫૦૦૦/- કલાવતીબેન જયંતીલાલ શાહ (લણવા)
૫૦૦૦/- કોકિલાબેન કુમારપાળ ગાંધી (મોઢેરા)
૫૦૦૦/- ચેતનાબેન નિમેષકુમાર ગાંધી (સમોડા)
૫૦૦૦/- રચનાબેન નિરવભાઈ શાહ (ભાલક)
૫૦૦૦/- જોલીબેન કિરણભાઈ શાહ (ભાલક)
૫૦૦૦/- ઈન્દુબેન વિરેન્દ્રભાઈ શાહ (ગાંભુ)
૩૦૦૦/- તન્વીબેન સમીરભાઈ શાહ (ભાલક)
૩૦૦૦/- જયાબેન ભાઈલાલભાઈ ગાંધી (સમોડા)
૩૦૦૦/- સ્મિતાબેન મહેશભાઈ શાહ (ખરોડ)
૩૦૦૦/- શાંતાબેન નરોત્તમદાસ શાહ (ઉનાવા)
૨૫૦૦/- ભરતકુમાર ચંપકલાલ શાહ (પીંઢારપુરા)
૨૧૦૦/- સેવંતીલાલ ઉત્તમલાલ શાહ (પીંઢારપુરા)
૨૧૦૦/- રેખાબેન મુકેશભાઈ શાહ (દેણપ)
૨૧૦૦/- નેહાબેન મયુરભાઈ ગાંધી (રણુંજ)
૨૧૦૦/- પુષ્પક કલ્પેશભાઈ શાહ (મણુંદ)
૨૦૦૦/- સુરેશભાઈ રસીકલાલ ગાંધી (રણુંજ)
૨૦૦૦/- લીનાબેન શૈલેષભાઈ શાહ (દાણોદરડા)
૨૦૦૦/- ઉર્મિલાબેન પ્રવિણભાઈ ગાંધી (સમોડા)
૨૦૦૦/- મીનાબેન વિભાકરભાઈ શાહ (ઉનાવા)
૧૫૦૦/- પ્રજ્ઞાબેન મિહિરભાઈ શાહ (બોકરવાડા)
૧૫૦૦/- હેમાલીબેન સમકીતભાઈ શાહ (સમોડા)
૧૫૦૦/- સૂર્યાબેન નાથાલાલ શાહ (મોટીદાઉ)
૧૫૦૦/- શ્રધ્ધાબેન ધવલભાઈ શાહ (ઉનાવા)
૧૧૦૦/- દિપાલીબેન માલવભાઈ શાહ (ગાંભુ)
૧૧૦૦/- દેવલબેન કિરણભાઈ શાહ (તરભ)
૧૧૦૦/- સોનલબેન સંજયભાઈ શાહ (સમોડા)
૧૧૦૦/- પિંકીબેન સંદિપભાઈ શાહ (ઉનાવા)
૧૧૦૦/- જયોત્સનાબેન હસમુખભાઈ શાહ (બોકરવાડા)
૧૧૦૦/- દેવાંશીબેન ભરતભાઈ શાહ (ઉનાવા)
૧૧૦૦/- સરોજબેન મુકેશભાઈ શાહ (ભાલક)
૧૧૦૦/- મીનાબેન રાજેન્દ્રભાઈ શાહ (મોટપ)
૧૧૦૦/- દિપાલીબેન ભાવિકભાઈ શાહ (બોકરવાડા)
૧૧૦૦/- હેમાબેન રાજેશભાઈ શાહ (ભાલક)
૧૧૦૦/- શૈલાબેન પ્રદિપભાઈ શાહ (મોઢેરા)
૧૧૦૦/- રીટાબેન રવિભાઈ ગાંધી (સમોડા)
૧૧૦૦/- બેલાબેન વિજયભાઈ શાહ (બોરીયાવી)
૧૧૦૦/- કોકિલાબેન પ્રવિણભાઈ શાહ (લાછડી)
૧૧૦૦/- કલ્પનાબેન અશોકભાઈ શાહ (બોકરવાડા)
૧૧૦૦/- બીજલબેન અમિતભાઈ શાહ (તરભ)
૧૧૦૦/- બિરવાબેન વિશાલભાઈ શાહ (બોકરવાડા)
૧૧૦૦/- રીટાબેન જયેન્દ્રભાઈ શાહ (બોકરવાડા)
૧૧૦૦/- રસીલાબેન વિનોદચંદ્ર શાહ (મોટપ)
૧૧૦૦/- ગુણવંતીબેન જશવંતલાલ શાહ (ભાલક)
૧૧૦૦/- અવનીબેન રાજેષકુમાર શાહ (ઉનાવા)
૧૧૦૦/- આરતીબેન કુમારપાળ શાહ (બોકરવાડા)
૧૧૦૦/- વસુબેન પંકજભાઈ શાહ (ભાલક)
૧૧૦૦/- પ્રવિણાબેન કનૈયાલાલ શાહ (ગાંભુ)
૧૧૦૦/- શર્મિષ્ઠાબેન જયેન્દ્રભાઈ શાહ (પીંઢારપુરા)
૧૧૦૦/- રૂપાબેન કૃણાલભાઈ શાહ (વડાવલી)
૧૧૦૦/- કોકિલાબેન અશોકભાઈ શાહ (ઉનાવા)
૧૧૦૦/- શ્વેતાબેન ચિરાગભાઈ શાહ (તરભ)
૧૧૦૦/- દર્શિતાબેન ભૌમિકભાઈ શાહ (ભાલક)
૧૧૦૦/- મીનાબેન કનુભાઈ શાહ (મગુના)
૧૧૦૦/- લીલાવતીબેન શાંતીલાલ શાહ (લુણવા-મંડાલી)
૧૧૦૦/- રેણુકાબેન દિલીપભાઈ શાહ (ખરોડ)
૧૧૦૦/- સોનલબેન દિપેશભાઈ શાહ (બોકરવાડા)
૧૧૦૦/- આશાબેન ભરતભાઈ શાહ (બોકરવાડા)
૧૧૦૦/- રેશ્માબેન મનીષભાઈ શાહ (ખરોડ)
૧૧૦૦/- વૈશાલીબેન ઉન્મેષભાઈ શાહ (ઉનાવા)
૧૧૦૦/- રેખાબેન હસમુખભાઈ શાહ (તરભ)
૧૧૦૦/- દીપિકાબેન નરેન્દ્રભાઈ શાહ (ભાલક)
૧૧૦૦/- અલકાબેન જીતેન્દ્રકુમાર શાહ (લાછડી)
૧૧૦૦/- ચીનુભાઈ છગનલાલ ગાંધી (સમોડા)
૧૧૦૦/- રજનીકાંત અંબાલાલ શાહ (લણવા)
૧૧૦૦/- ભૂમિકા યોગેશભાઈ શાહ (દેણપ)
૧૧૦૦/- મધુમતી પરિવાર (બોકરવાડા)
૧૧૦૦/- જીમીબેન કાર્તિકભાઈ શાહ (ભાંડુ)
૧૧૦૦/- કલ્પેશભાઈ ઉત્તમલાલ શાહ (મણુંદ)
૧૧૦૦/- રમેશભાઈ માધવલાલ શાહ (ગાંભુ)

## આપણી સફર બહુ જ ટૂંકી છે.

એક મહિલા બસમાં ચઢી અને એના હાથમાં રહેલી બેગ બાજુમાં બેઠેલા માણસને વાગી. તે વ્યક્તિ મૌન જ રહી, ત્યારે પેલા બહેને તેને પૂછ્યું કે જ્યારે બેગથી તમને વાગ્યું ત્યારે તમે ફરિયાદ કે ગુસ્સો કેમ ન કર્યો...? માણસે સ્મિત સાથે જવાબ આપ્યો, "આટલી નજીવી બાબત વિશે અસ્વસ્થ થવાની જરૂર નથી, કારણ કે આપણી મુસાફરી ખૂબ ટૂંકી છે, હું આગલા સ્ટોપ પર ઊતરી જવાનો છું."

આ જગમાં આપણી પાસે સમય એટલો ઓછો છે કે તેને નકામી દલીલો, ઈર્ષ્યા, જીદ, અસંતોષમાં વ્યતીત ના કરશો.

આપણી સફરની લંબાઈ કોઈને ખબર નથી. કોણ, ક્યારે, કયા સ્ટોપ પર ઉતરી જશે તે કોઈને ખબર નથી...!

આ સફર બહુ ટૂંકી છે. અમદાવાદના બસ સ્ટેન્ડ પર બેઠેલો હું વડોદરા જવાવાળી બસની રાહ જોતો હતો. હજુ બસ સ્ટેશન પર બસ આવી નહોતી. હું બાંકડા પર બેસી એક ચોપડી વાંચી રહ્યો હતો. મારી પાસે લગભગ ૧૦ વર્ષની બાળકી આવીને બોલી. "બાબુ પેન લઈ લો. રૂા.૧૦/-ની ચાર આપીશ. ખૂબ ભૂખ લાગી છે. કશુંક ખાઈશ." તેની સાથે એક નાનકડો છોકરો પણ હતો. કદાચ તેનો નાનો ભાઈ હશે.

મેં કહ્યું,

"મારે પેન તો નથી જોઈતી."

આગળનો તેનો પ્રશ્ન ખૂબ જ વહાલો હતો,

"તો અમે ખાઈશું કઈ રીતે....?"

મેં પુનઃ કહ્યું:

"મારે પેન નથી જોઈતી પણ તમે કશુંક ખાશો જરૂર."

મારી બેગમાં બિસ્કીટનાં બે પેકેટ હતાં. મેં બેગમાંથી તે પેકેટ બહાર કાઢી બન્નેને એક એક પેકેટ પકડાવી દીધું. મારી હેરાનગતિની હદ ન રહી જ્યારે તે બાળકીએ એક પેકેટ પરત કરતાં કહ્યું, "બાબુજી એક જ કાફી છે, અમે વહેંચીને ખાઈ લઈશું." હું હેરાન થઈ ગયો જવાબ સાંભળીને!

મેં ફરી કહ્યું,

"રાખી લો બન્ને."

મારા આત્માને ઝંઝોળી દીધો એ બાળકીના જવાબે. તેણે કહ્યું, "તો પછી આપ શું ખાશો....?" આ સંસારમાં કરોડો કમાનાર લોકો ઉન્નતિના નામ પર માનવતાને નિશાન બનાવી લખલૂટ લૂંટ મચાવવામાં લાગેલા છે, ત્યાં એક ભૂખી બાળકીએ 'માનવતાની પરાકાષ્ટા'નો પાઠ ભણાવી દીધો હતો.

સાચે જ, આપણી સફર ખૂબ જ ટૂંકી છે.

સૌજન્ય : મુકેશ ટી. ચંદારાણા
(અખંડ આનંદ)

# અવસાન-શ્રધ્ધાંજલિ



**તારાબેન હિંમતલાલ શાહ**
ગામ : લણવા
હાલ : અમદાવાદ
સ્વ. તા.૨૯-૦૮-૨૦૨૪, ગુરુવાર



**પ્રભાવતીબેન અમૃતલાલ શાહ**
ગામ : પાલજ
હાલ : સી.પી.ટેન્ક, મુંબઈ
સ્વ. તા.૩૧-૦૮-૨૦૨૪, શનિવાર



**વિમળાબેન નટવરલાલ શાહ**
ગામ : કમાણા
હાલ : વડોદરા
સ્વ. તા.૧૧-૦૯-૨૦૨૪, બુધવાર



**દિનેશભાઈ અંબાલાલ શાહ**
ગામ : રણુંજ
હાલ : મહેસાણા
સ્વ. તા.૧૨-૦૯-૨૦૨૪, ગુરુવાર

**આ દિવંગત આત્માઓને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના**



# નવરાત્રિ : જૈન દષ્ટિએ ઉજવી શકાય ?

## નવરાત્રિ ભક્તિનું પર્વ
## .....કે પ્રદર્શનનું પર્વ ?



અનેકવિધ તહેવારો પૈકી નવરાત્રિ પણ એક આદર્શ તહેવાર છે. તેમાં માતાજીનો ગરબો.... વિશિષ્ટ આરાધના પધ્ધતિ છે. માતાજીના ગુણગાન નૃત્ય સાથે ગાઈને.... તેની ઉજવણી કરવામાં છે. વર્ષોથી આ પ્રણાલિકા ચાલે છે. લગભગ વગર વેતને હોંશપૂર્વક ભક્તિભાવથી ગરબા ગવડાવનારને લોકો 'ભગત' કહીને તેમનો આદર કરતા હતા.

સમયે સમયે તેમાં ફેરફારો થવા માંડ્યા. શેરીના... પોળોના.... ગરબાનું સ્થાન હવે પાર્ટી પ્લોટોએ લીધું છે. એ કારણે યુવક-યુવતીઓને એકાંતની દૂષિત અનુકૂળતા મળે છે. એ ઉપરાંત ગરબામાં પ્રવેશ માટે ભક્તોને પણ મોંઘાદાટ પ્રવેશપાસ મેળવવા પડે છે.

આ ગરબાઓમાં ભક્તિભાવ કેટલા અંશે છે તે સમજવું સાવ સહેલું છે. સ્વાભાવિક રીતે આ પ્રકારના કાર્યક્રમોના ભાગરૂપે અવારનવાર છાપાંઓમાં... ટી.વી. પ્રસારણ... વિગેરે માધ્યમો દ્વારા અકલ્પનીય હલકી કક્ષાનાં પરિણામો આપણે સૌ વાંચતાં.. જોતાં... હોઈએ છીએ. એક ગાયનેકોલોજિસ્ટ ડોક્ટરના જણાવ્યા મુજબ નવરાત્રિ પછીના બે-ત્રણ મહિના પછી એબોર્શનના કેસોની સંખ્યા ઘણી વધી જાય છે. આ બાબતે આપણને બેદરકારી રાખવાનું પરવડે ખરું?

પ્રોફેશનલ સંસ્થાઓ આવા નવરાત્રિના ગરબાના કાર્યક્રમો યોજે તે સ્વાભાવિક છે. પરંતુ સમાજને ઉચ્ચ કક્ષાએ લઈ જવાના હેતુથી સ્થપાયેલા જૈન જ્ઞાતિ મંડળો દ્વારા આવા કાર્યક્રમો યોજાય,... અને... તેમાં પણ રાત્રે... જૈન શાસનની આજ્ઞાવિરુધ્ધ પ્રસાદીના નામે નાસ્તા પાણીની મિજબાની થાય તે બિલકુલ વાજબી ન ગણાય.

ભક્તિભાવથી કંઈક પુણ્ય કમાવાના હેતુથી ઉજવાતો આ તહેવાર માણીને તમે/આપણે શું પામ્યા છીએ, એનો વિચાર સૌએ સાથે મળીને કરવાની જરૂર છે.

આવા કાર્યક્રમો યોજાતા રહે તેમાં જૈનોના જ્ઞાતિમંડળો સમાજના આ હોદ્દેદારો/દાતાઓ/મહાનુભાવો નવી પેઢીને કંઈ દિશામાં લઈ જવા માંગે છે?

દુનિયાના દરેક ધર્મનું લક્ષ્ય... અને.... એનો હેતુ સંસ્કારોનું સિંચન કરી મનુષ્ય ઉચ્ચ સ્તરનું જીવન માણીને વ્યક્તિગત અને સામૂહિક જીવન સાર્થક કરે તેવો હોય છે. દરેક પર્વ... તહેવાર એ હેતુથી ઉજવાય તો ધર્મનું ગૌરવ વધે....

આપના પ્રતિભાવની અપેક્ષા સાથે.....

- પ્રમોદભાઈ ગાંધી : ૯૩૨૭૦૦૭૦૫૪

# સત્તરમી પુણ્યતિથીએ ભાવભીની શ્રધ્ધાંજલિ



## સ્વ. મહેન્દ્રભાઈ તલકચંદ શાહ (દેલોલી)

**સ્વ. તા. ૨૨-૧૦-૨૦૦૭ (રાજકોટ)**

વ્હાલના વડલા જેવું આપનું જીવંત અસ્તિત્વ આજે અમારી વચ્ચે નથી પણ અમારા માટે તમે હંમેશા જીવંત છો તમોએ આપેલા વડલાની શીતળ છાયા સમા સંસ્કારો, સ્નેહ, સમર્પણ, સંઘર્ષ અને સકારાત્મક જીવનશૈલી અમારા માટે આદર્શરૂપ છે. તમારા મજબૂત વિચારોએ અમોનો આફતો અને સંઘર્ષ સામે લડવાનું બળ પુરું પાડેલ છે. પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

| | | |
|---|---|---|
| ભાઈલાલભાઈ નટવરલાલ ગાંધી | અલ્પેશ ભાઈલાલભાઈ ગાંધી | સ્વ. રંજનબેન મહેન્દ્રભાઈ શાહ |
| જયાબેન ભાઈલાલભાઈ ગાંધી | ફાલ્ગુની અલ્પેશ ગાંધી | જયદીપ મહેન્દ્રભાઈ શાહ |
| સંદિપ ભાઈલાલભાઈ ગાંધી | કુશ અલ્પેશ ગાંધી | જીગલ જયદીપ શાહ |
| નિમા સંદિપ ગાંધી | કાવ્ય અલ્પેશ ગાંધી | વૈભવ જયદીપ શાહ |
| મૈત્રી - દિયા | (સમોડા) | દિવ્ય જયદીપ શાહ |
| (સમોડા) | | (દેલોલી) |

**A-5, વ્રજ એપાર્ટમેન્ટ, ગુલબાઈ ટેકરા, આંબાવાડી, અમદાવાદ - 6.**
**(M: 93777 02010)**

RNI No. GUJGUJ/2003/11307. • Published on 1st date of Every Month. Registered under Postal Registration No. GAMC-1401/2024-2026 valid up to 31st December 2026. Issued by SSPO's Ahmedabad City Fivision, permitted to post at Ahmedabad PSO on 1st date of Every Month. License to post without prepayment No. PMG/NG/102/2024-2026 valid up to 31/12/2026.



## શ્રધ્ધાંજલી



## તારાબેન હિંમતલાલ શાહ (લણવા)

જન્મ તા.૧૫-૦૬-૧૯૩૮ • સ્વ. તા.૨૯-૦૮-૨૦૨૪

સારા કર્મોની સુવાસ સદાય રહેશે, મીઠી વાણી હંમેશા યાદ રહેશે.
દેહ ભલે અદૃશ્ય હોય, પરંતુ તમારી સ્મૃતિ સદાય જીવંત રહેશે.
બાળપણથી પીયરમાં સમગ્ર જવાબદારી એકલા હાથે નિભાવી
કૌટુંબિક પ્રેમ મેળવી સંસ્કારોનો વારસો પરિવારમાં આપ્યો.
ધર્માનુરાગી એવા આપ લગભગ પુખ્ત ઉંમરથી કાયમ ઉકાળેલું પાણી વાપરતા,
ઉપધાન તપ, ૧૦ થી વધુ વખત પાલીતાણામાં ચોમાસા (પૂરા ચાર માસ) કરેલ,
વૃધ્ધ ઉંમરે પણ છઠ્ઠ સાથે સાત જાત્રા કરી,
૯૯ જાત્રા ૪૫ દિવસમાં પૂર્ણ કરી અને
આ ઉપરાંત અનેક તપશ્ચર્યાઓ સતત કરતા રહ્યા,
જે પરિવાર માટે પ્રેરણાદાયી છે.
પ્રભુ આપના આત્માને ભવોભવ જૈન ધર્મનું શરણું આપે અને
અલ્પકાળમાં જીવન-મરણના ફેરામાંથી મુક્ત કરે તેવી પ્રાર્થના

લિ.

## હિંમતલાલ પુનમચંદ શાહ પરિવાર

કેતનકુમાર હિંમતલાલ શાહ
મો.: ૯૮૭૯૨૦૧૫૨૧
જૈમિની કેતનકુમાર શાહ
હીત કેતનકુમાર શાહ
હિતાર્થ કેતનકુમાર શાહ

મિતેશકુમાર હિંમતલાલ શાહ
મો.: ૯૮૯૮૦૮૬૬૧૨
ડૉ.અલ્પના મિતેશકુમાર શાહ
જૈનમ મિતેશકુમાર શાહ
સૃષ્ટિ જૈનમ શાહ

નિહિરકુમાર હિંમતલાલ શાહ
મો.: ૯૪૨૮૪૧૧૪૦૭
હેતલ નિહિરકુમાર શાહ
અનુશ્રી નિહિરકુમાર શાહ

પરિવાર પત્રિકા
PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)

Printed and Published by PRAMODBHAI NAVNITLAL GANDHI on behalf of
SHRI MEHSANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL
Office Time : 10-30 to 6-30 (Monday Close) • Phone : 26602375 • Email : mahesana_jainprant@yahoo.com • www.47dashashreemali.in
Printed at Jagadish Offset, Ahmedabad and published from SHRI MAHESANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL,
P. Gautam & Co., Nandanvan, Ground Floor, Town Hall, Ellisbridge, Ahmedabad - 380 006. Editor - PRAMODBHAI NAVNITLAL GANDHI